# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

********************************************************

1) **દિલ્હીના નવા મુખ્યમંત્રી તરીકે શ્રીમતી રેખા ગુપ્તા આજે શપથ ગ્રહણ કરશે.**

2) **વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર આજથી દક્ષિણ આફ્રિકાના જોહનિસબર્ગની 2 દિવસની મુલાકાતે**

3) **9મો એશિયા આર્થિક સંવાદ આજથી મહારાષ્ટ્રના પુણેમાં યોજાશે.**

4) **ગુજરાત વિધાનસભામાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઇ આજે વર્ષ 2025-26 નું અંદાજપત્ર રજૂ કરશે.**

5) **ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત - બાંગ્લાદેશ વચ્ચે આજે પ્રથમ મેચ રમાશે. ગઇકાલે ન્યુઝીલેન્ડે પાકિસ્તાનને હરાવ્યું.**

.....................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# MORN.--DELHI-CM

શ્રીમતી રેખા ગુપ્તા આજે નવી દિલ્હીના રામલીલા મેદાનમાં દિલ્હીના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. ગઈકાલે દિલ્હી ભાજપ વિધાનસભા પક્ષની બેઠકમાં નેતા તરીકે ચૂંટાયા બાદ, તેઓ રાજભવન ખાતે લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાને મળ્યા અને નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો.

આજે બપોરે 12.35 વાગ્યે લેફ્ટનન્ટ ગવર્નર રેખા ગુપ્તાને પદ અને ગોપનિયતાના શપથ લેવડાવશે. શપથ ગ્રહણ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, અને સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ પણ હાજરી આપી શકે છે.

આ કાર્યક્રમમાં લગભગ 20 રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. રેખા ગુપ્તા દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં શાલીમાર બાગ બેઠક પરથી જીત્યા છે. તેમણે 1992માં દિલ્હી યુનિવર્સિટીના દૌલત રામ કોલેજથી એબીવીપી સાથે પોતાની રાજકીય સફર શરૂ કરી હતી. તેઓ  દિલ્હી યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘના પ્રમુખ બન્યા. રેખા ગુપ્તા દિલ્હીમાં ભાજપ મહિલા મોરચાના મહાસચિવ પણ રહી ચૂક્યા છે.

શપથ ગ્રહણ સમારોહ દરમિયાન મોટી ભીડ એકઠી થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે ટ્રાફિક માર્ગદર્શિકા જાહેર  કરી છે.

# MORN.-REKHA-GUPTA--WISHES

દિલ્હીના આગામી મુખ્યમંત્રી તરીકે રેખા ગુપ્તાના નામની જાહેરાત બાદ, ગૃહમંત્રી અમિત શાહ અને અન્ય કેન્દ્રીય મંત્રીઓ સહિત ઘણા ભાજપના નેતાઓએ તેમને અભિનંદન પાઠવ્યા છે. ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમને અભિનંદન આપ્યા અને કહ્યું કે, તેમને રેખા ગુપ્તામાં સંપૂર્ણ વિશ્વાસ છે. તેમણે કહ્યું કે, દિલ્હીના નવા ભાજપ મુખ્યમંત્રી દિલ્હીને વિશ્વની ટોચની રાજધાનીઓમાંની એક બનાવવાના પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના સંકલ્પને પૂર્ણ કરવા માટે સમર્પણ સાથે કામ કરશે.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ શ્રીમતી ગુપ્તાને અભિનંદન પાઠવ્યા. શ્રી વૈષ્ણવે કહ્યું કે, તેઓ પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દિલ્હીમાં માહિતી ટેકનોલોજી ઇકોસિસ્ટમ અને રેલ્વેના વિકાસ પર નવા મુખ્યમંત્રી સાથે કામ કરવા આતુર છે.

કૃષિ અને ખેડૂત કલ્યાણમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા શિવરાજ સિંહ ચૌહાણે પણ શ્રીમતી ગુપ્તાને અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ, મુખ્યમંત્રી રેખા ગુપ્તા પ્રગતિ અને વિકાસની નવી ઊંચાઈઓ સર કરીને એક નવો ઇતિહાસ રચશે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ શ્રીમતી ગુપ્તાને ભાજપ વિધાનસભાના નેતા તરીકે ચૂંટવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# JAISHANKAR---SOUTH-AFRICA

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર આજથી દક્ષિણ આફ્રિકાના જોહનિસબર્ગની 2 દિવસની મુલાકાતે જશે અને G20 વિદેશમંત્રીઓની બેઠક માં ભાગ લેશે. તેઓ દક્ષિણ આફ્રિકાના આંતરરાષ્ટ્રીય સંબંધો અને સહકારમંત્રી રોનાલ્ડ લામોલાના આમંત્રણ પર આ મુલાકાત લઈ રહ્યા છે. G20 પરિષદમાં વિદેશમંત્રીની ભાગીદારી G20 દેશો સાથે ભારતના જોડાણને મજબૂત બનાવશે.

વિદેશમંત્રીઓની બેઠક દરમિયાન ડૉ. જયશંકર કેટલીક દ્વિપક્ષીય બેઠકો કરે તેવી અપેક્ષા છે.

# ASIA-ECONOMIC-DIALOGUE

9મો એશિયા આર્થિક સંવાદ આજથી મહારાષ્ટ્રના પુણેમાં યોજાઈ રહ્યો છે. એશિયા આર્થિક સંવાદ એ વિદેશમંત્રાલયનો વાર્ષિક મુખ્ય 'ટ્રેક 1.5 સંવાદ' છે જે ભૂ-અર્થશાસ્ત્ર પર છે.

ત્રણ દિવસીય સંવાદનું આયોજન પુણે આંતરરાષ્ટ્રીય કેન્દ્રના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. સંવાદનો વિષય "વિભાજનના યુગમાં આર્થિક સ્થિતિસ્થાપકતા અને પુનરુત્થાન" છે. આ સંવાદ ભૂ-અર્થશાસ્ત્રના મુખ્ય સમકાલીન વિષયોની શોધ કરશે, જેમાં કૃત્રિમ બુદ્ધિમતા (AI) અને ઓટોમેશન, સાયબર સુરક્ષાની આર્થિક આવશ્યકતાઓ અને હિંદ મહાસાગર ક્ષેત્ર અને તેનાથી આગળ વાદળી અર્થતંત્રના પાસાઓનો સમાવેશ થાય છે.

# PM -BHARAT MANDAPAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે SOUL લીડરશીપ કોન્ક્લેવના પ્રથમ સંસ્કરણનું ઉદ્ઘાટન કરશે. ભૂટાનના પ્રધાનમંત્રી દાશો ત્શેરિંગ ટોબગે મુખ્ય મહેમાન તરીકે મુખ્ય સંબોધન કરશે. બે દિવસીય SOUL લીડરશીપ કોન્ક્લેવ એક મુખ્ય પ્લેટફોર્મ તરીકે સેવા આપશે જ્યાં રાજકારણ, રમતગમત, કલા અને મીડિયા, આધ્યાત્મિક વિશ્વ, જાહેર નીતિ, વ્યવસાય અને સામાજિક ક્ષેત્ર જેવા વિવિધ ક્ષેત્રોના નેતાઓ તેમની પ્રેરણાદાયી જીવન યાત્રાઓ રજૂ કરશે.

# BUDGET – 2025-26

ગુજરાત વિધાનસભામાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઇ આજે વર્ષ 2025-26 નું અંદાજપત્ર રજૂ કરશે. રાજ્યપાલના સંબોધન સાથે ગઇકાલે વિધાનસભાના  બજેટ સત્રનો પ્રારંભ થયો છે. રાજ્યપાલે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વિકાસ માંટે કરેલા આયોજનો કાર્યક્રમો તથા યોજનાઓ અંગે વિગતવાર માહિતી આપી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

# MAHAKUMBH-–-PROMINENT-DEVOTEE

પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન અત્યાર સુધીમાં 56 કરોડ 64 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર જળમાં સ્નાન કર્યું છે. કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આ પ્રસંગે પવિત્ર સ્નાન કર્યું અને ધાર્મિક વિધિઓ કરી. કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ પણ ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું. તેમણે કહ્યું કે ભારત ભક્તિ અને સંસ્કૃતિની ભૂમિ છે.દરમ્યાન

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું છે કે મહાકુંભ એ ભારતીય સંસ્કૃતિનું ગૌરવ છે અને તેમની સરકાર મહાકુંભને ઐતિહાસિક બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

(BYTE: YOGI-ON-MAHAKUMBH-EVENT)

# PUDUCHERRY-ORGAN-DONORS

પુડુચેરી સરકારે કહ્યું કે, અંગ દાતાઓને તેમના જીવનરક્ષક યોગદાનને માન્યતા આપવા માટે રાજ્ય સન્માન આપવામાં આવશે.

આ પહેલને અમલમાં મૂકવા માટે માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. સરકારે હોસ્પિટલોને નિર્દેશ આપ્યો છે કે, તેઓ બ્રેઈન-ડેડ કેસ વિશે તાત્કાલિક જિલ્લા કલેક્ટરો અને પ્રાદેશિક વહીવટકર્તાઓને જાણ કરે.

નવી માર્ગદર્શિકા અનુસાર, જિલ્લા કલેક્ટર અને પ્રાદેશિક વહીવટકર્તા અંગ દાતાઓના નિવાસસ્થાનની મુલાકાત લેશે અને તેમનું સન્માન કરશે. આ

ઉપરાંત, પ્રજાસત્તાક દિવસ અને સ્વતંત્રતા દિવસ જેવા પ્રસંગોએ, ઉપરાજ્યપાલ અથવા મુખ્યમંત્રી અંગ દાતાઓના પરિવારોને સત્તાવાર કાર્યક્રમોમાં આમંત્રિત કરશે અને તેમનું જાહેરમાં સન્માન કરશે.

## ICC-CHAMPIONS-TROPHY

કરાચીમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની ઉદ્ઘાટન મેચમાં, ન્યુઝીલેન્ડે પાકિસ્તાનને 60 રનથી હાર આપી. ન્યુઝીલેન્ડે 50 ઓવરમાં 5 વિકેટે 320 રન બનાવ્યા. ટોમ લેથમે 118 રન બનાવીને ન્યૂઝીલેન્ડ ટીમનું નેતૃત્વ કર્યું, જ્યારે વિલ યંગે 107 રન બનાવ્યા.

જવાબમાં પાકિસ્તાન 47 ઓવર અને 2 બોલમાં 260 રન બનાવીને ઓલઆઉટ થઈ ગયું. ટોમ લેથમને મેન ઓફ ધ મેચ જાહેર થયા. આ પાકિસ્તાનનો ન્યુઝીલેન્ડ સામે સતત ચોથો પરાજય છે.

રોહિત શર્માની આગેવાની હેઠળ ભારતીય ટીમ આજે દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે બાંગ્લાદેશ સામે પ્રથમ મેચ રમશે.

## (BYTE: MUKESH)

અને હવે આજનાં અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે. – નિકીતા શાહ.

- ટેરિફ બાબતે અમેરીકાનાંરાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનાં વલણને લગભગ તમામ અખબારોએ મુખ્ય સમાચારોમાં સ્થાન આપ્યુંછે.
- ગુજરાત સમાચાર લખે છે – મિત્ર મોદી ટેરિફ તો લાગશે જ – દલીલ નહીં ચાલે – ટ્રમ્પ.
- નવગુજરાત સમય લખે છે – ટેરિફ બાબતે કોઈ સમાધાન નહીં, જેવા સાથે તેવાની નીતી – ટ્રમ્પ.સંદેશનું શીર્ષકછે – ટેરિફ મુદ્દે મારી સાથે કોઈ દલીલ નહીં કરી શકે – ટ્રમ્પ.
- અન્ય સમાચારોમાં ગુજરાત સમાચારે – લાંચ કેસમાં અદાણીને સમન્સ બજાવવા યુએસ સીક્યોરીટી એક્સચેજ કમિશનનીભારતને અપીલ તથા ગેરકાયદે ભારતીયો સહિતનાં સાથે આંતકીઓ જેવું વર્તન, વીડીયો જાહેર.શીર્ષકને સ્થાન આપ્યું છે.
- તો નવગુજરાત સમયની અન્ય હેડલાઈન્સ છે. ભારતે સંયુક્ત રાષ્ટ્રમાંપાકિસ્તાનને આતંકવાદનું વૈશ્વિક કેન્દ્ર ગણાવ્યું.દિવ્ય ભાસ્કરલખે છે – અશ્લીલતા રોકવા કેન્દ્ર આઈટી એક્ટને સ્થાને ડિજિટલ ઈન્ડિયા બિલ લાવશે.
- સ્થાનિક સમાચારોમાંસીસીટીવી ફૂટેજ વેચાણનાં સમાચારને મુખ્ય શીર્ષકમાં સમાવતા ગુજરાત સમાચાર લખે છે – ગંદોધંધો – હોસ્પીટલ મોલમાંથી મહિલાઓના સીસીટીવીફૂટેજ વેચતા ત્રણની ધરપકડ.
- નવગુજરાત સમયલખે છે – સીસીટીવી કાંડ – મહિલા દર્દીના હોસ્પીટલનાં ફૂટેજ વાયરલ કરવાના રાષ્ટ્રવ્યાપીરેકેટનો પર્દાફાશ, ત્રણની ધરપકડ.સંદેશ લખે છે– રાજકોટની હોસ્પીટલનાં અભદ્ર વિડિયો વાયરલ મુદ્દે મહારાષ્ટ્ર-યુપીમાં ત્રણ શખ્સોનીધરપકડ.